તંત્રીશ્રીની કલમ

નિતિન ગડકરીએ જાહેરાત કરી, “હવે નહીં ભરવો પડે ટોલ ટેક્સ”

કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરીએ ટોલ ટેક્સ અંગે મોટી જાહેર કરી છે. જો તમે પણ મોટી સંખ્યામાં ટેક્સ ભરવાથી પરેશાન છો, તો તમારા માટે જ આ સમાચાર છે. હવે કોઈ પણ ટોલ પ્લાઝા પર ટોલ ટેક્સ ચૂકવવામાંથી મુક્ત મળશે, જેની સંપૂર્ણ યાદી જાહેર કરવામાં આવી છે. આ લોકોએ ટેક્સ ભરવો પડતો નથી. ઉલ્લેખનીય છે કે, એનએચએઆઈ દ્વારા ટોલ ટેક્સ લેવામાં આવે છે. જો તમે હાઈવે પર ફોર વ્હીલર દ્વારા મુસાફરી કરો છો, તો તમારે ટેક્સ ચૂકવવો પડશે. બીજી તરફ જો તમે ટુ-વ્હીલર દ્વારા મુસાફરી કરો છો, તો તમારી પાસેથી ટોલ ટેક્સ લેવામાં આવતો નથી. ટુ-વ્હીલરખરીદતી વખતે જ ગ્રાહકો પાસેથી રોડ ટેક્સ વસૂલવામાં આવે છે. હાલમાં ટોલ ટેક્સની રકમ વાહનની લંબાઈ પર નિર્ભર કરે છે. ભારતના રાષ્ટ્રપતિ ભારતના વડાપ્રધાન ભારતના મુખ્ય ન્યાયાધીશ ભારતના ઉપરાષ્ટ્રપતિ રાજ્યોના રાજ્યપાલ કેન્દ્રીય કેબિનેટ મંત્રી સુપ્રીમ કોર્ટના જજ લોકસભાના સ્પીકર કેન્દ્રીય રાજ્ય મંત્રી કેન્દ્રશાસિત પ્રદેશના લેફ્ટનન્ટ ગવર્નર સંપૂર્ણ જનરલ અથવા સમકક્ષનો હોદ્દો ધરાવતો ચીફ ઓફ સ્ટાફ રાજ્યની વિધાનસભાના અધ્યક્ષ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રાજ્યની વિધાન પરિષદના પ્રમુખ હાઈકોર્ટના જજ ભારત સરકારના સચિવ કાઉન્સિલ ઓફ સ્ટેટ્સ સંસદ સભ્ય આર્મી કમાન્ડર, વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ સંબંધિત રાજ્યમાં રાજ્ય સરકારના મુખ્ય સચિવ રાજ્યની વિધાનસભાના સભ્યો રાજ્યની મુલાકાતે આવેલા વિદેશી મહાનુભાવો આ લોકોએ ભરવો પડતો નથી. ટેક્સ યુનિફોર્મમાં કેન્દ્રીય અને રાજ્યના સશસ્ત્ર દળો, ઉપર સૂચિબદ્ધ ઉપરાંત અર્ધલશ્કરી દળો અને પોલીસ સહિત, અગ્નિશમન વિભાગો અથવાસંગઠનો, એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિરીક્ષણ, સર્વેક્ષણ, બાંધકામ અથવા કામગીરી, હિયર્સ વાહનો, સંરક્ષણ મંત્રાલય અનેતે વિકલાંગો માટે બનાવેલા યાંત્રિક વાહનોને પણ આ ટેક્સ ચૂકવવો પડતો નથી. ઉલ્લેખનીય છે કે, એક જ મુસાફરી માટે ટોલનો ખર્ચ અલગ છે. આવા સમયે તમારી પાસે રિટર્ન ટોલ ટેક્સ લેવાનો વિકલ્પ પણ છે. આ ઉપરાંત હાઈવે પર દરરોજ મુસાફરી કરતા લોકો પણ પાસની સુવિધાનો લાભ લઈ શકશે.

કંઝાવલા કેસમાં પોલીસનો ચોંકાવનારો ખુલાસો, સ્કૂટી પર એક નહીં બે યુવતી!

નવીદિલ્હી, રાજધાની દિલ્હીના કંઝાવલા રોડ અકસ્માતમાં દિલ્હી પોલીસે મોટો ખુલાસો કર્યો છે અને જણાવ્યું છે કે અકસ્માત સમયે પીડિતા સાથે સ્કૂટી પર અન્ય એક છોકરી પણ હતી. પીડિત યુવતીનો જ્યારે અકસ્માત થયો ત્યારે તે યુવતી પાછળ બેઠી હતી. પીડિત યુવતીના મોત પહેલાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે... જેમાં ટ્રક ટ્રેસ કરતી વખતે થયો ખુલાસો... દિલ્હી પોલીસના સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર, જ્યારે પોલીસ મૃતક પીડિત યુવતીનો રુટ ટ્રેસ કરી હતી ત્યારે તેમને ખબર પડી કે પીડિતા સાથે સ્કૂટી પર અન્ય એક યુવતી પણ હતી. હવે એક ઝઝૂક ફૂટેજ સામે આવ્યું છે, જેમાં બંને યુવતીઓ ફંક્શનમાંથી બહાર નીકળતી જોવા મળી રહી છે. સીસીટીવી ફૂટેજમાં બંને યુવતીઓ રાતે ૧.૪૫ વાગે એક હોટલથી નવા વર્ષની પાર્ટી કરીને નીકળતી જોવા મળી રહી છે. પીડિત અંજલી પિક ટીશર્ટમાં જોવા મળી રહી છે જ્યારે તેની મિત્ર નિધિ રેડ ટીશર્ટમાં જોવા મળી રહી છે. સ્કૂટી નીધિ ચલાવી રહી છે જ્યારે અંજલિ પાછળ બેઠી છે. ત્યારબાદ ત્યાંથી નિધિ સ્કૂટી ચલાવીને જાય છે પરંતુ થોડીવારમાં અંજલી કહે છે કે સ્કૂટી એ ચલાવશે અને ત્યારબાદ અંજલિ સ્કૂટી ચલાવે છે અને નિધિ પાછળ બેસી જાય છે. પોલીસ સૂત્રોના જણાવ્યાં મુજબ અકસ્માત દરમિયાન બીજી યુવતીને થોડી ઈજા થઈ હતી અને તે ઘટનાસ્થળેથી પોતાના ઘરે ચાલી ગઈ પરંતુ અંજલીનો પગ ગાડીના એક્સેલમાં ફસાઈ ગયો અને ત્યારબાદ કારમાં બેઠેલા આરોપીઓ અંજલિને ઢસડતા રહ્યા. દિલ્હી પોલીસે અકસ્માત સમયે સ્કૂટી પર બેઠેલી અન્ય યુવતીને શોધી કાઢી છે. હવે પોલીસ યુવતીનું નિવેદન પણ નોંધશે અને તે સમયે શું થયું તે જાણવાનો પ્રયાસ કરશે. નોંધનીય છે કે, નવા વર્ષ નિમિત્તે રાજધાની દિલ્હીમાં એક હૃદયસ્પર્શી ઘટના બની, જ્યારે સ્કૂટી પર સવાર એક છોકરીને આરોપીઓ કારથી લગભગ ૧૩ કિલોમીટર સુધી ઢસડી ગયા હતા, ત્યારબાદ યુવતીનું મોત થયું હતું. પોલીસ આ ઘટનામાં સંડોવાયેલા તમામ આરોપીઓની ધરપકડ કરી તપાસ કરી રહી છે.

ગૃહ મંત્રાલયે કંઝાવલા કાંડ પર દિલ્હી પોલીસ કમિશ્નર પાસે રિપોર્ટ માંગ્યો

નવીદિલ્હી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ કંઝાવલા કાંડ પર મોટુ એક્શન લીધુ. અમિત શાહે નિર્દેશનમાં ગૃહમંત્રાલયે કંઝાવલા કાંડ પર દિલ્હી પોલીસ કમિશ્નર સાથે વિસ્તૃત રિપોર્ટની માગ કરી છે. દિલ્હી પોલીસમાં વિશેષ આયુક્ત આલિની સિંહને વિસ્તૃત રિપોર્ટ ગૃહ મત્રાલયને સોપવામાં માટે કહેવામાં આવ્યુ છે. બીજી તરફ આ મામલાનો વધુ એખ સીસીટીવી ફુટેજ સામે આવ્યા છે. નવા સીસીટીવી ફુટેજમાં જોઇ શકાય છે કે, કારમાં સ્કૂટીને ટક્કર માર્યા બાદ યુ ટર્ન લીધો હતો. સીસીટીવી ફુટેજથી સ્પષ્ટ થાય છે કે, નજરે જોનારે જે નિવેદન આપ્યુ હતુ તે સાચુ છે. કંઝાવલા એક્સીડેન્ટમાં આઈવીટેનરોને પોલીસ અને મીડિયાને જણાવ્યુ હતુ કે, સ્કુટીને ધક્કો માર્ય બાદ કારે યુ ટર્ન લીધો હતો. કેટેજમાં સવારે ૩:૩૪ વાગ્યનાનું રિકોર્ડીંગ છે. કિટેજમાં કારને તે જગ્યાએ કારને આવતા જોવા મળી છે જ્યાંથી લાશ મળી હતી. ૨૦ વર્ષની મહિલા અંજલી ૧ જાન્યુઆરીએ સવારે ૩ વાગ્યાની આસપાસ એક ઈવેન્ટથી કામ કરીને પોતાના ઘરે સ્કુટી પર ઘરે ફરત ફરતી હતી. તે દરમિયાન એક કારે ધક્કો મારીને ૭-૧૨ મીટીર સુધી તેને ઘસડી હતી. જેનાથી મહિલાની મોત થઇ ગઇ હતી. હાઇ ક્વાલીટી વાળા આ સીસીટીવી ફિટેજ સવારે ૩:૩૪ વાગ્યના હતા. નવા સીસીટીવી ફુટેજમાં મારુતી ભલેનો કારને પશ્ચિમી દિલ્હીના કંઝાવલામાં એક રસ્તા પર યુ-ટર્ન લેતી વખતે જોવા મળી હતી. નજરે જોનાર દિપક દહિયા હલવાઈની દુકાન ચલાવે છે.

રામ જન્મભૂમીના મુખ્ય પુજારીએ ભારત જોડો યાત્રાનું સમર્થન કર્યુ

અયોધ્યા, કોંગ્રેસની ભારત જોડો યાત્રા ચાલી રહી છે. રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી યાત્રા ચાર મહીના પૂરા કરનાર છે. આ દરમિયાન હજારો કિલોમીટરની યાત્રા થઇ ગઇ છે. રામ જન્મભૂમિના મુખ્ય પુજારી આચાર્ય સત્યેન્દ્ર દેવે ભારત જોડો યાત્રાને સમર્થન કર્યુ છે. તેમણે કહ્યુ છે કે, તમારી દેશ જોડો યાત્રા સારી રીતે પૂર્ણ થાય. તમે જે લક્ષ્ય લઇને ચાલ્યા છો. તેમા તમને સફળતા મળે. દેશ હિતમાં તમે જે પણ કઇ કામ કરો તે સર્વજન હિતાય સર્વજન સુખાયની ભાવનાથી પ્રેરીત હોય રામલલાની કૃપા તમારા પર બની રહે. જ્ઞાનકી ઘાટના મહંત જન્મમેજય શરણે પણ ભારત જોડો યાત્રાનું સમર્થન કર્યુ છે. તેમણે રાહુલ ગાંધીને અગ્રીમ શુભકામના આપી છે. અને કહ્યુ છે કે, યાત્રા મંગલમય બને તમારા ઉદેશ્ય પૂર્ણ કરે. લક્ષ્ય તરફ તમારા કદમ અગ્રસર રહે., એવી મારી કામના છે.

આજનું રાશિફળ

મેષ-શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દૃઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. અન્યો પર વધુ પડતો ખર્ચ કરશો એવી શકયતા છે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે.

વૃષભ-તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. જો તમે છાત્ર છો અને વિદેશ માં જવી ને ભણતર કરવા માંગતા હોવ તો ઘર ની નાણાકીય કટોકટી તમને હેરાન કરી શકે છે. તમારો પરિવાર તમારી વહારે આવશે તથા કટોકટીના સમયમાં તમારૂં માર્ગદર્શન કરશે. કોઈ કાર્યમાં માસ્ટરી હાંસલ કરનારી વ્યક્તિનું નિરીક્ષણ કરી તમે કેટલાક પાઠ સીખી શકો છો.

મિથુન-લાંબા ગાળાની માંદગીથી તમને મુક્તિ મળે એવી શકયતા છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

કર્ક-પ્રશંસા કરીને તમને અન્યોની ખુશીનો આનંદ લો એવી શકયતા છે. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

સિંહ-કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાહાળા સ્વભાવના બનાવશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. પરિવારના સભ્યોની જરૂરિયાતોને પ્રાથમિકતા આપજો. તેમના સુખ-દુઃખમાં સહભાગી થાવ જેથી તેમને અનુભૂતિ થાય કે તમને તેમની પરવા છે. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં.

કન્યા-તમે કોઈક વિચિત્ર પરિસ્થિતિમાં સપડાઈ જાવ તો નિરાશ ન થતા. જેમ ભોજનમાં સ્વાદ મીઠાને આભારી છે તેમ સાચા આનંદનું મૂલ્ય સમજવા માટે કેટલીક તકલીફ પણ જરૂરી છે. તમારા મૂડને બદલવા સામાજિક મેળાવડામાં હાજરી આપો. જો ભવિષ્ય માં તમારે નાણાકીય રીતે મજબૂત થવું છે તો આજ થીજ ધન ની બચત કરો. પરિવારના સભ્યો ફદાચ તમારી અપેક્ષાઓ પૂર્ણ નહીં કરે.

તુલા-તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વેગ્ન કરી મુકશે. આજે તમારી કોઈ ચલ સંપત્તિ ચોરી હોઈ શકે છે તેથી જેટલું શકય હોય તેટલું આના થી બચો. તમારૂં ખુશમિજાજ વર્તન પારિવારિક જીવનને પ્રભુદ્ધ બનાવશે. આવું ઈમાનદાર સ્મિત ધરાવનારનો સામનો બહુ ઓછા લોકો કરી શકે છે.

વૃશ્ચિક-સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટોનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા.

ધન-તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારું-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.-તી.

મકર-મજા માટેની ટ્રીપ તથા સામાજિક મેળાવડા તમને નિરાંતવા તથા ખુશ રાખશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. ઊંડી લાગણી ધરાવતા પ્રેમનો અત્યાનંદ તમે આજે અનુભવશો. તેના માટે થોડો સમય ફાળવો.

કુંભ-હાલની ઘટનાઓને કારણે તમારૂં મગજ ખલેલ પામ્ર્યું છે. આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ધ્યાન તથા યોગ લાભકારક સાબિત થશે. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે.

મીન-લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થવી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

ઓસ્ટ્રેલિયાના બીચ પર બે હેલિકોપ્ટર વચ્ચે જોરદાર ટક્કર થતા અકસ્માત, ૪ મુસાફરોના મોત

ઓસ્ટ્રેલિયા, ઓસ્ટ્રેલિયાના બીચ પર બે હેલિકોપ્ટર વચ્ચે જોરદાર ટક્કરથતાં ચાર મુસાફરોના મોત નીપજ્યાં છે અને ત્રણ અન્ય લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને તત્કાળ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. ક્વીન્સલેન્ડના પોલીસ કાર્યકારી નિરીક્ષક ગેરી વોરેલે આ ઘટના અંગે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગોલ્ડ કોસ્ટના ઉત્તરીય બીચ મેઠેન બીચના સી વર્લ્ડ થીમ પાર્ક નજીક એક હેલિકોપ્ટર લેન્ડ થઈ રહ્યું હતું ત્યારે બીજું હેલિકોપ્ટર ટેક ઓફ થવા જતાં ટક્કર થઈ હતી. એક હેલિકોપ્ટર કિનારે સુરક્ષિત રીતે ઉતર્યું હતું, પરંતુ બીજા હેલિકોપ્ટરનો કાટમાળ વેખરાઈ ગયો હતો. તેના સુધી પહોંચવું પણ મુશ્કેલ હતું. આ ઘટનામાં મૃત્યુ પામેલા અને ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા તમામ લોકો મુસાફર હતા. આ ઘટના અંગે વોરેલે વધુમાં જણાવ્યું હતું કે, આસપાસની જનતા અને પોલીસના સભ્યોએ લોકોને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો અને ઈજાગ્રસ્તોની પ્રાથમિક સારવાર શરૂ કરી હતી. લોકોને ઉંચા થઈ ગયેલા એરફ્રેમથી સુરક્ષિત રાખવાનો પ્રયાસ કરાયો હતો. અકસ્માત બાદ જેટ સ્કીઝ પરના લોકો, ફેમિલી બોટર્સ મદદ કરવા દોડી આવ્યા હતા. આ દુર્ઘટનામાં એક હેલિકોપ્ટરની વિન્ડસ્ક્રીનમાં નુકસાન થયું છે. આ હેલિકોપ્ટરના મુસાફરોને પણ તબીબી સહાય મળી રહી છે. કેશના ફૂટેજમાં એક હેલિકોપ્ટર ટેકઓફ પછી તરત જ બીજા હેલિકોપ્ટર સાથે અથડાયું હોવાનું જોવા મળ્યું છે. સી વર્લ્ડ હેલિકોપ્ટર્સ કંપનીએ ઘટનાના મૃતકો અને ઈજાગ્રસ્તો અંગે સંવેદના વ્યક્ત કરી છે અને કેશની તપાસ સંભાળી રહેલા અધિકારીઓને સહકાર આપી રહી હોવાનો દાવો કર્યો છે. આ બનાવમાં કંપનીએ બંનેમાંથી કયા હેલિકોપ્ટરને ઓપરેટ કર્યું હતું તે વાતનો ખુલાસો કર્યો હતો. નિવેદનમાં તપાસને કારણે વધુ કોમેન્ટ્સ ન કરી શકવાનું જણાવાયું છે. જ્હોન નામના સાક્ષીએ મેલબોર્ન રેડિયો સ્ટેશન ૩૭૭ને સી વર્લ્ડના કેશનો અવાજ સાંભળ્યો હોવાનું કહ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે થીમ પાર્કનો સ્ટાફ કેશની નજીકના વિસ્તારોને બંધ કરવા માટે ઝડપથી આગળ વધ્યો હતો.

તેમણે ઉમેર્યું કે, મોટો ધમાકો થયો હતો, એ બહુ મોટું હતું. મને ખબર નથી કે, તે પ્રોપેલર હતા કે પછી એકબીજા સાથે અથડાયા હતા. હેલિપેડ પાસે સ્ત્રી અને એનો દીકરો રડી રહ્યા હતા. ક્વીન્સલેન્ડના પ્રીમિયર અન્નાસ્ટેસિયા પલાસ્ઝકઝુકે આ અકસ્માતને અકલ્પનીય દુર્ઘટના ગણાવી હતી. તેમણે કહ્યું કે, દરેક અસરગ્રસ્ત પરિવાર સાથે મારી ઊંડી સહાનુભૂતિ છે. ઓસ્ટ્રેલિયન ટ્રાન્સપોર્ટ સેફ્ટી બ્યુરોના ચીફ કમિશનર એંગસ મિશેલે જણાવ્યું હતું કે કેશના કારણોની તપાસ ચાલી રહી છે. આ ઘટના અંગે ક્વીન્સલેન્ડ એમ્બ્યુલન્સ સર્વિસે ૧૩ ઈજાગ્રસ્તો હોવાનું કહ્યું હતું.

જુનાગઢમા વેપારીનું ઝેરી દવા પીધી, ચાલી રહેલા સારવારમાં મોત

જૂનાગઢ, વિસાવદરના એકતા નગરમાં રહેતો એક યુવાન લસણ-ડુંગળીનો વેપાર કરતો હોય અને ઘણા સમયથી માનસિક તણાવમાં રહેતો હતો અંતે ગુંદાળી ગામે જઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી અને સારવારમાં મોત નિપજર્યુ હતું. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઈ હતી. પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, એકતાનગર વિસાવદરમાં રહેતાં ભરતભાઈ અર્જુનભાઈ અગ્રાવતે ભેંસાણ પોલીસ મથકમાં જણાવ્યાં અનુસાર વિપુલ અર્જુનભાઈ અગ્રાવત (ઉ.વ ૩૫) લસણ-ડુંગળીનો લે વેચનો વેપાર કરતાં હતાં અને છેલ્લા ઘણા સમયથી માનસિક તણાવમાં રહેતાં હતાં. કોઈ વિચારને લઈ આવેશમાં આવી ગયા હતા અને ૨૮ ડિસેમ્બરે ભેંસાણ પંથકના ધારી-ગુંદાળી ગામે જઈ ઝેરી દવા પી લીધી હતી.

સુધારા

ICICI Bank

શાખા ઓફિસઃ આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ, ઓફિસ નં ૨૦૧-બી, બીજે માળ,રોયન્ટ ૧ પ્લોટ નં-બી ૩ વાઈફાઈ આઈટી પાર્ક, વાગ્યલે ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,થાણે, મહારાષ્ટ્ર -૪૦૦૬૦૪

લોક મિત્ર (ગુજરાત) એડીશનમાં તારીખ ૩૧-ઓક્ટોબર-૨૦૨૧ ના પેજ નં. ૪ પર પ્રકાશિત સાંકેતિક પેપર પ્રકાશનમાં જાહેરાત સંદર્ભમાં, જેમા કરજદાર નામ કમલેશ બી રાઠોડીયા, લોન નં. LBSUR00004844162 અને LBSUR00004844161 સુરત એડીશનમાં, અમારી ચુલ્લુકૃત્ય કારણે ૧૩.૨ નોટીસ તારીખ ૧૬ જૂન, ૨૦૨૧ દ્વારાવિલ , જેના બદલે ૧૯.જૂન. ૨૦૨૧ છે, તેને ફુધ કરીને હવે ૧૯ જૂન, ૨૦૨૧ વાંચવી ઉપરોક્ત નોટીસના અન્ય સંદર્ભ અપરિવર્તિત રહેશે.

તારીખ : ૦૫ જાન્યુઆરી, ૨૦૨૩
સ્થળ : ગુજરાત.

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ બેંક લીમીટેડ

શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

SHRIRAM HOUSING FINANCE

રજી. ઓફિસઃ ઓફિસ નં.૧૨૩, અન્નાપ્પારેન સ્ટ્રીટ, ચેન્નાઈ- ૬૦૦૦૦૧
હેડ ઓફિસઃ વેલવ ૧, વોકહાર્ટ ટોવર્સ,ઈસ્ટ વિન્ગ સી-૨, જી- બ્લોક, બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્ષ- મુંબઈ- ૪૦૦૦૫૧
વેબસાઈટ : www.shriramhousing.in

સાંકેતિક કબ્જા નોટીસ

આથી અહીં જણાવવાનું કે નીચે સહી કરનાર શ્રીરામ હાઉસિંગ ફાયનાન્સ લિમીટેડ (એસએચએફએલ)ના અધિકૃત અધિકારીએ સિક્યોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ (જણાવેલ કાયદા) નિયમો, ૨૦૦૨ (જણાવેલ નિયમો)ના નિયમ ૩ સાથે વંચાતી કલમ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાની રૂએ નીચે કોષ્ટકમાં જણાવેલ કરજદારોને જણાવેલ માંગણા નોટીસોમાં જણાવેલ રકમ પરત ચુકવવા માંગણા નોટીસો જારી કરી હતી.

કરજદારો રકમની પુનઃચુકવણી કરવામાં નિષ્ફળ ગયા છે. પરિણામે કરજદારો અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અહી નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ જણાવેલ કાયદાની પેટા કલમ ૧૩(૪)ની પેટા કલમ ૮ મુજબ ૦૩/૦૧/૨૦૨૩ના રોજ કાર્યવાહી કરી નીચે વર્ણન કરવામાં આવેલ તેના/તેણી નામે રહેલ મિલકતનો સાંકેતિક કબ્જો મેળવી લીધો છે.

કરજદાર અને ખાસ કરી જાહેર જનતાને મિલકત સાથે કોઈ સોદો ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ સોદો શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લી.-ની નીચે જણાવેલ રકમ તેમજ તેના પર વ્યાજના વાજેંગ આધિન રહેશે.

કરજદારો ધ્યાન આપે કે આ કાયદાની કલમ ૧૩ ની પેટા કલમ (૮) મુજબ આ ગીરો મિલકત મુક્ત કરાવવાનો સમય મળે છે.

કરજદારનું નામ અને સરનામું	માંગણા નોટીસ મુજબ બાકી રકમ	મિલકતનું વર્ણન
૧. દામાણી વિશાલ કાલુભાઈ ૨. દામાણી કાલુભાઈ લાલજીભાઈ સરનામુ નં. ૧ અને ૨ : સબ પ્લોટ નં.૫૦/૩, મહેશ્વરી પાર્ક, બ્રહ્માણી પાર પાસે ગોકુલ મોરબી રોડ, નવજીવોત સ્કુલ પાછળ, એરિયા : સેટેલાઈટ ચોક , રાજકોટ- ૩૬૦૦૦૩	રૂા. ૨૦,૧૬,૦૨૯/- (રૂપિયા વીસ લાખ સોલ હજાર ઓગણત્રીસ પુરા), જે ૧૨/૧૦/૨૦૨૨ ના રિકેન્સ ઓફ લોન એકાઉન્ટ નં. SHLHRAJK0000502 ઉપરોકત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રતિષ્ઠ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨) નોટિસ તારીખ ૧૫/૧૦/૨૦૨૨.	તમામ ભાગ અને હિસ્સો ઓફ સ્યાવર મિલકત માં રેસીડેન્શીયલ હાઉસ ના લેન્ડનું માપ એરિયા ૪૮.૦૦ સ્કેવર મી. ઓફ સબ- પ્લોટ નં. ૫૦/૩ ઓફ પ્લોટ નં. ૫૦ એરિયા મહેશ્વરી પાર્ક તરીકે ઓળખાય, જેનો આરબેસએન ૬૫ પી ઓફ એફપી નં. ૪૫, ટીપીએસ નં. ૧૦ (ડ્રાફટ), સીએસઆઈબ્લુ નં. ૧૩/૨, સીએસ નં. ૩૬૪૨/૫૧/૫૦/પી ઓફ રાજકોટ ડિટી ઓફ તાલુ. અને સબ ડિસ્ટ્રીકટ, રાજકોટ. તેની ચારે બાજુ :- ઉત્તરે : પ્લોટ નં. ૫૧, દક્ષિણે : રોડ, પુર્વે : પ્લોટ નં. ૪૯ પશ્ચિમે : સબ પ્લોટ નં. ૫૦/૨
૧.હિતેશ સદુરભાઈ ઝીંઝુવાડીયા ૨. જયોતિબેન હિતેશભાઈ ઝીંઝુવાડીયા, સરનામું ૧ અને ૨ : સ્ટ્રીટ નં. ૧૨/૧૩, કોનંર ભાવનગર રોડ, ગંજવાડા , ખોખલ પ્રોવિઝનની બાજુમાં, રાજકોટ- ૩૬૦૦૦૩ અન્ય સરનામું નં. ૧,૨ : બ્લોક નં. ૧૯/૮, ગોકુલ પાર્ક , માધવ વાટિકા પાસે, મંડા ડુંગર એરિયા, આજી ડેમ ચોકડી, ભાવનગર રોડ, રાજકોટ - ૩૬૦૦૦૩. અન્ય સરનામું : ૧: હિતેશ સદુરભાઈ ઝીંઝુવાડીયા @ પ્રોપરાઈટર ઓફ ભગવતી ઈન્ડસ્ટ્રીઝ. સરનામું : પ્લોટ નં. જી/૧૮૨૨, કિશન ફોર્જીંગ સામે, આકાશ કોમ્પ્લેક્ષ, ટેલીફોન એકસચેન્જ રોડ, જીઆઈડીસી, મટોડા, રાજકોટ,૩૬૦૦૨૧.	રૂા. ૧૧,૮૪, ૯૯૦/- (રૂપિયા ચોવાર લાખ ચોર્યાસી હજાર નવ સો નેવું પુરા), જે ૧૨/૧૦/૨૦૨૨ ના રિકેન્સ ઓફ લોન એકાઉન્ટ નં. SHLHRAJK0000430 ઉપરોકત નિર્ધારિત વ્યાજ દર,સાથે જણાવેલ નોટીસ પ્રતિષ્ઠ અને પ્રાપ્ત થયાના ૬૦ દિવસની અંદર ચુકવી દેવી. ૧૩(૨) નોટિસ તારીખ ૧૫/૧૦/૨૦૨૨.	રેસીડેન્શીયલ હાઉસ જે સબ પ્લોટ નં. ૨૦ લી ૩૪/૨ લી ૧૯/૫ લેન્ડ નો માપ એરિયા ૧૦૨.૨૪ સ્કેવર મી. ચૈકી નોર્થન સાઈડ લેન્ડ ૫૧.૨૨ સ્કેવર મી. ઓફ મહિકા રેવેન્યુ સર્વે નં. ૧૯૯, જિલ્લો : રાજકોટ. તેની ચારે બાજુ : ઉત્તરે : સબ પ્લોટ નં. ૨૦ લી ૩૪/૨ લી ૧૯/૪. દક્ષિણે : સબ પ્લોટ નં. ૨૦ લી ૩૪/૨ લી ૧૯/૫ પી. પુર્વે : પ્લોટ નં. ૨૦ લી ૩૪/૪૧ પશ્ચિમે : ૭.૫૦ મીટર રોડ.

સ્થળ : રાજકોટ
તારીખ :૦૩.૦૧.૨૦૨૩.

સહી/- અધિકૃત અધિકારી
શ્રી રામ હાઉસિંગ ફાયનાન્સ લીમીટેડ

દેશના પ્રથમ મહિલા શિક્ષક સાવિત્રીબાઈ ફૂલે વિષે જાણો

નવીદિલ્હી, સાવિત્રીબાઈ ફૂલેનો જન્મ ૩જી જાન્યુઆરી ૧૮૩૧માં થયો હતો. તેમણે પુણેના ભીંડવાડામાં પહેલી કન્યાશાળા શરૂ કરી હતી, જેમાં અલગ-અલગ જ્ઞાતિની દિકરીઓને એક સાથે શિક્ષણ આપવામાં આવતું હતુ એટલું જ નહીં પરંતુ વિધવાઓ કે જેમનું અન્ય પુરૂષોએ શારિરીક ઉત્પીડન કર્યુ હોય અને તે માટે પરિવારોએ તરછોડી દીધી હોય તેવી મહિલાઓ માટે સાવિત્રીબાઈએ પતિ જ્યોતિરાઓ સાથે મળીને એક આશ્રમની સ્થાપના કરી હતી. તેમણે શિક્ષણ અને સમાજ સુધારાના માટે ઘણું કામ કર્યુ છે. વર્ષ ૧૮૪૮ માં, જ્યારે સાવિત્રીબાઈ ફૂલે માત્ર ૧૭ વર્ષના હતા, ત્યારે તમણે પતિ જ્યોતિબા ફુલે સાથે મળીને દલિતો અને મહિલાઓને શિક્ષિત કરવા માટે એક શાળાની સ્થાપના કરી. તે સમયે તેમની શાળામાં માત્ર ૯ છોકરીઓ અભ્યાસ કરતી હતી. એવું કહેવાય છે કે જ્યારે સાવિત્રીબાઈ ફૂલે શાળામાં ભણવાવા જતા હતા ત્યારે રસ્તામાં લોકો તેમના પર ગાયનું છાણ, માટી, કાદવ વગેરે ઉછાળતા હતા,આવી વિકટ પરિસ્થિતીમાં પણ તેમણે હાર ન માની અને દ્રઢ મનોબળ સાથે એમનો સામનો કર્યો તેઓ આવી હલકી મા